જામજોધપુર સમાચાર
જાહેરાત, પ્રેસનોટ, ટચૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે
જામજોધપુર સમાચાર કાર્યાલય
જામજોધપુર શહેર મામલતદાર કચેરીની સામે, પંચવટી કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૧, જામજોધપુર, તા.જામજોધપુર,જિ.જામનગર-૩૬૦૫૨૦
મો. ૯૭ ૨૬ ૭૬ ૧૧૧૧

આવનારા સમયનાં પ્રખ્યાત સમાચાર એટલે...

# જામજોધપુર સમાચાર

તંત્રી / માલિક : પરમાર જીતેન્દ્ર

સમગ્ર જામનગર જિલ્લામાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સાપ્તાહિક અખબાર

To,

વર્ષ :૧ અંક :૨ તારીખ :૩૦-૧૦-૨૦૨૫ ગુરૂવાર પાના : ૪ કિંમત રૂા. ૨-૦૦ JAMJODHPUR SAMACHAR WEEKLY NEWS PAPER

E-MAIL: jamjodhpur.samachar@gmail.com NO. GJGUJ/25/A3267 OFFICE MOB. NO. 97 26 76 1111

# રાજયની છ મનપાની અનામત બેઠકોનું નવું માળખું જાહેર

રાજયમાં જૂની ૬ મહાનગરકપાલિકાઓ અને નવી ૯ મહાનગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાય તેવી શકયતા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા OBC અનામતનો અમલ કરાયા બાદ જૂનાગઢ પછી હવે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ,જામનગર અને ભાવનગર મહાનગરપાલિકા ઉપરાંત નવી બનેલી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજાશે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ૬ મહાનગર પાલિકાઓની વોર્ડ વાઈઝ અનામત અને જનરલ બેઠકોનું માળખું જાહેર કરવામાં આવ્યું છે.

અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બેઠકોની ફાળવણીની યાદી સામે આવી છે. ૧૯૨ બેઠકો પર ૩૩ ટકા અનામત મુજબ ૯૬ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. સામાન્ય વર્ગ માટે ૫૯ અને ૧૩૩ બેઠકો અનામત રાખવામાં આવી છે જેમાં અનુસૂચિત જાતિ માટે ૨૦, પછાત વર્ગ માટે ૫૨ અને અનુસૂચિત આદિજાતિ માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ શહેરની ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કૂલ વસતિ ૫૬૬૪૦૬૨ છે. શહેરમાં કૂલ ૪૮ વોર્ડ આવેલા છે જેમાં પ્રતિ વોર્ડ દિઠ સરેરાશ વસતિ ૧,૧૮,૦૦૧ છે. જેમાં સરેરાશ વસતિના ૧૦ ટકા વધારા મુજબ ગણતરી કરીએ તો ૧,૨૯,૮૦૧ અને સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ ૧,૦૬,૨૦૧ થાય છે. ગુજરાતમાં આગામી સમયમાં જૂની ૬ અને નવી ૯ મળી કૂલ ૧૫ મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજાશે. જો SIRના અમલ બાદ ચૂંટણી યોજવામાં આવે તો પાછી ઠેલાઈ શકે છે. અન્યથા જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજાય તેવી શકયતા છે. જે મહાનગર પાલિકાની આગામી સમયમાં ચૂંટણી યોજાવાની છે તેની યાદી નીચે મુજબ છે.

# સરકાર ઘરે-ઘરે જઈને પૂછશે તમારી આવક કેટલી ?

## આગામી વર્ષની નેશનલ હાઉસહોલ્ડ ઈન્કમ સર્વે : અગાઉ ત્રણ વખતના પ્રયાસો નિષ્ફળ ગયા હતા : આવકની વાસ્તવિકતા દર્શાવવામાં ૯૫% લોકોનો ઈન્કાર

૨૦૨૬ અને ૨૦૨૭નું વર્ષ સર્વ ગણતરી અને સમીક્ષાનું વર્ષ બની રહેશે તે નિશ્ચિત છે. ચુંટણી પંચે દેશભરમાં મતદાર યાદી વિશેષ ગહન પુનરીક્ષણ જે ને સોશ્યલ ઈન્ટેન્સીવ રિવીઝન (સર)ના નામથી પણ ઓળખાય છે તે કામગીરી શરૂ કરવાનું શેડયુલ જાહેર કરશે અને તેમાં બિહાર સિવાયના તમામ રાજયોને આવરી લેશે તો આ વર્ષના અંતથી અને આગામી પુરૂ વર્ષ દેશમાં વસતી ગણતરી જે વાસ્તવમાં ૨૦૨૧માં કરવાની હતી તે હાથ ધરાશે અને તેના આંકડા પણ રસપ્રદ હશે. તેની સાથે આગામી વર્ષ ફેબ્રુઆરી માસથી દેશમાં અત્યાર સુધીની સૌપ્રથમ કવાયતમાં ઘરેલુ આવક સર્વે હાથ ધરાશે. કેન્દ્ર સરકારનુ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ વિભાગ દ્વારા આ સર્વે કરવામાં આવશે. જેમાં હર્ષ કર્મચારીઓ ઘરે ઘરે જઈને પરિવારની આવક અને તેનો ોત વિ.ની માહિતી મેળવશે. દેશમાં પ્રથમ વખત આ પ્રકારના સર્વે કરવામાં આવી રહ્યો છે અને તે ખૂબજ અઘરી કવાયતને પુરવાર થશે.આ સંબંધી મંત્રાલયના સચીવ સૌરભ ગર્ગે કહ્યું કે ભૂતકાળમાં ત્રણ વખત આ પ્રકારના સર્વેનો પ્રયાસ થયો હતો અને ત્રણેય વખત તે પાછો ખેચવો પડયો હતો પણ અમો હવે પુરી તૈયારી વધુને વધુ માહિતી સાથે સર્વેમાં જવા તૈયાર છીએ. આ સર્વે આગામી વર્ષ ફેબ્રુઆરીમાં શરૂ થશે અને ૨૦૨૭માં મધ્ય સુધી ચાલશે. દેશમાં આવકની અસમાન વહેચણી, ધનવાનો, ગરીબો વચ્ચે ખાઈ વધતી જાય છે તે અવારનવાર કહેવાય છે પણ તેની પાછળ કોઈ નકકર આંકડા નથી. સરકાર ખર્ચ-બચતના આંકડા- આઈટી પરથી અનુમાનો બાંધે છે. ખાનગી એજન્સીમાં માર્કેટીંગના હેતુસર આ પ્રકારના સર્વે કરે છે પણ તે તેના વ્યાપારી હેતુ માટે હોય છે.વાસ્તવમાં લોકો પોતાની આવક અંગે કોઈ નિખાલસ થવા માંગતા નથી. તેઓને કરવેરા અધિકારીઓ આવશે તેવો ડર હોય છે અને ખર્ચ-બચતના આધારે જે અંદાજ મુકાય છે તે સાચી આવક દર્શાવતો નથી. આ અંગે હાલમાં એક ઓનલાઈન સર્વે થયો તો ૯૫% એ તેના આવકના એકથી વધુ સ્ત્રોત અંગે માહિતી આપી ન હતી અને આવકવેરો ભરે છે કે કેમ તે પણ માહિતી આપી નહી. લોકોને ડર છે કે તેમની આવકના આંકડા જાહેર થયા બાદ સરકાર ટેક્ષ ઉઘરાવી શકે છે.

# બિહારમાં છઠ્ઠ પર્વ દરમ્યાન ૮૩ લોકો ડૂબીને મૃત્યુ પામ્યા

બિહારના અનેક જિલ્લાઓમાં છઠ તહેવારનો આનંદ શોકમાં ફેરવાઈ ગયો. સોમવાર અને મંગળવારે પટણામાં નવ સહિત રાજ્યભરમાં ૮૩ લોકો ડૂબી ગયા. આમાંના મોટાભાગના મૃત્યુ છઠ ઘાટ બનાવતી વખતે લપસી જવાથી, અથવા તાાન કરતી વખતે અથવા - ર્થના કરતી વખતે ઊંડા પાણીમાં ઉતરવાથી થયા છે. મળતકોમાં દક્ષિણ બિહારના ૩૪, પૂર્વ બિહારના કોસી-સીમાંચલના ૩૦ અને ઉત્તર બિહારના ૧૯ લોકોનો સમાવેશ થાય છે.

પટણા જિલ્લામાં, ગંગામાં તાાન કરતી વખતે વિવિધ સ્થળોએ ૧૫ લોકો ડૂબી ગયા, જેમાં નવ લોકોનાં મોત થયા. મોકામામાં ત્રણ, બારહ, બિહતા અને ખગૌલમાં બે-બે લોકોના મોત થયા. માનેરમાં ડૂબી ગયેલા બે અને આઠમાગોલામાં એક યુવકની શોધખોળ ચાલુ છે. બારહમાં ડૂબી ગયેલા ત્રણ યુવકો, ખાગૌલમાં એક અને ગોપાલપુરમાં એક યુવક, જે તળાવમાં ડૂબી ગયો હતો, તેમને એક કલાક સુધી સીપીઆર દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા.વૈશાલી જિલ્લાના રાઘોપુર અને મહુઆમાં છઠ ઘાટ બનાવ્યા પછી તાાન કરતી વખતે બે કિશોરો ડૂબી ગયા, મહનારમાં એક છઠ વ્રત ભક્ત, ગોપાલગંજ જિલ્લાના ભોરે પોલીસ સ્ટેશન હેઠળના દુબે જિગ્ના ગામમાં બે, ઔરંગાબાદમાં બે, ભોજપુરમાં એક, બેગુસરાયમાં એક, નવાનગરમાં એક અને રોહતાસમાં એક કિશોર ડૂબી ગયો. છાપરામાં વધુ એક ડૂબી જવાનું મૃત્યુ થયું. મંગળવારે સવારે ૬:૩૦ વાગ્યે પટણાને અડીને આવેલા મોકામાના મરાંચીમાં બડપુર ગંગા ઘાટ પર ગંગામાં તાાન કરતી વખતે રોકી પાસવાન (૨૧) ડૂબી ગયો. આ ઘટનાની જાણ થતાં, રોકીની બહેન સપનાનું પણ આઘાતમાં મોત નીપજ્યું. પરિવાર શોકમાં ડૂબી ગયો. બાડપુરના રહેવાસી ચૂહા પાસવાનનો પુત્ર રોકી ગંગામાં તાાન કરી રહ્યો હતો ત્યારે તે ઊંડા પાણીમાં ગયો અને ડૂબી ગયો. સ્થાનિક ડાઈવર્સ અને એનડી આરએફ ટીમે ભારે પ્રયાસો પછી તેનો મૃતદેહ બહાર કાઢયો. ઘટનાની જાણ થતાં જ સપના કુમારીની તબિયત બગડી ગઈ. તેના પરિવારે તાત્કાલિક તેને રાંચીની એક હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેનું મૃત્યુ થયું. રોકી પાસવાને તાજેતરમાં જ હોમગાર્ડની શારીરિક તપાસ પાસ કરી હતી, અને પરિવાર આનંદથી ભરાઈ ગયો. છઠ પૂજા પછી ગંગા ઘાટ પરથી પરત ફરતી વખતે હૃદયરોગના હુમલાને કારણે મુન્ની દેવી (૬૦) નું બેભાન થઈ ગયું તેના પરિવારે તેને સારવાર માટે સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરે તપાસ બાદ તેને મૃત જાહેર કરી.

# સોશ્યલ મિડીયા પરથી ૩૬ કલાકમાં હટાવવી પડશે વાંધાજનક સામગ્રી

## ૧૫ નવેમ્બરથી નવી ગાઈડલાઈન લાગુ થશે

કેન્દ્ર સરકારે ઓનલાઈન કન્ટેન્ટ પર સખ્તાઈ વધારી દીધી છે. જે અંતર્ગત માહિતી ટેકનોલોજી અધિનિયમ (આઈટી એકટ) ૨૦૦૦ માં સંશોધન કરીને ઈન્ટર મીડિયરી ગાઈડ લાઈન્સ અને ડિજીટલ મીડિયા એથિકસ કોડ ૨૦૨૧ માં મોટા ફેરફારની જાહેરાત કરી છે. જે અંતર્ગત ગેરકાનુની કે વાંધાજનક અને પ્રતિબંધીત કન્ટેન્ટને ૩૬ કલાકમાં હટાવવી ફરજીયાત થશે.

આ નવી અધિસુચના મુજબ આ સંશોધન ૧૫ નવેમ્બર ૨૦૨૫ થી અમલમાં આવશે. સરકારે આ પગલુ દેશની સંપ્રભુતા અખંડતા, રાજયની સુરક્ષા, જાહેર વ્યવસ્થા સાથે સંકળાયેલા ઓનલાઈન કન્ટેન્ટ પર નિયંત્રણને વધુ સખ્ત કરવાના ઉદેશથી ઉઠાવ્યુ છે.સરકાર નવા નિયમો અંતર્ગત અનેક પ્લેટફોર્મ પર યુઝર એકાઉન્ટને સસ્પેન્ડ કરી શકે છે. આ વાસ્તવિક સ્થિતિ બે જ સ્થિતિમાં માન્ય રહેશે.પહેલી કોઈ સક્ષમ ન્યાયાલયનાં આદેશથી અને બીજી સરકાર કે તેની કોઈ અધિકૃત એજન્સીનાં કોઈ વરિષ્ઠ અધિકારી દ્વારા જાહેર કરવામાં આવેલ. કેન્દ્રે સ્પષ્ટ કર્યું છે કે બધી લેખિત સુચનાઓની દર મહિને સમીક્ષા કરવામાં આવશે.

જેથી નિશ્ચિત કરવામાં આવશે કે બધા આદેશ જરૂરી, સંતુલિત અને કાયદાની ભાવનાને અનુરૂપ છે.કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું હતું કે કૃત્રિમ બુદ્ધિ-એઆઈથી બનાવવામાં આવેલ કે સંશોધીત સામગ્રી પર સ્પષ્ટ લેબલ લગાવવુ અનિવાર્ય કરવાની પાછળનો ઉદેશ ઓનલાઈન સામગ્રીને નિયંત્રીત કરવાનો નથી. ઈલેકટ્રોનિકસ સચીવ એસ.કૃષ્ણને એઆઈ નિર્મિત સામગ્રી પર પોતાના મંત્રાલય તરફથી જાહેર પ્રસ્તાવોનાં મુસદા (ડ્રાફ્ટ) ના બારામાં આ વાત કહી હતી.

# સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓની આત્મહત્યા મુદે કેન્દ્ર પાસે ખુલાસો માગ્યો



શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓની મેન્ટલ હેલ્થ જાળવવા તથા આત્મહત્યા અટકાવવા બાબતે સુપ્રીમ કોર્ટે અગાઉ માર્ગદર્શિકા જાહેર કરી હતી. કેન્દ્ર સરકારને ૮ અઠવાડિયામાં તેના અમલ અંગેનો અહેવાલ રજૂ કરવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે. જાસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મેહતાની બેન્ચે માર્ગદર્શિકાના અમલ માટે કેન્દ્ર દ્વારા લેવાયેલાં પગલાંનો અહેવાલ સોગંદનામા સ્વરૂપે રજૂ કરવા નિર્દેશ આપ્યા છે.

સુપ્રીમ કોર્ટે ૨૫ જુલાઈના રોજ આપેલા ચુકાદામાં કેન્દ્ર સરકારને ગાઈડલાઈન્સ સૂચવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે તમામ રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશોને તમામ પ્રાઈવેટ કોચિંગ સેન્ટર્સમાં વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન ફરજિયાત કરવા, બે મહિનામાં અમલ થઈ શકે તેવા નિયમો ઘડવા અને વિદ્યાર્થીઓના રક્ષણના ધોરણો નક્કી કરવા નિર્દેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૯૦ દિવસમાં ગાઈડલાઈન્સના અમલનું સોગંદનામુ રજૂ કરવા અગાઉ નિર્દેશ આપ્યા હતા. આગામી આઠ અઠવાડિયામાં ગાઈડલાઈન્સના અમલનો જવાબ રજૂ કરવા તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે.

અને કેસની વધુ સુનાવણી જાન્યુઆરી મહિનામાં રાખી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં વધી રહેલા આત્મહત્યાના કિસ્સાઓની ગંભીર નોંધ લેતાં સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓની મેન્ટલ હેલ્થની જાળવણી તથા આપઘાતના કિસ્સા નિવારવા માટે ચોક્કસ માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે આ સાથે દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ સેન્ટર્સમાં વિદ્યાર્થીઓ માટે મોકળાશસભર માહોલની જરૂરિયાત છે અને તેના માટે સમાન કાનૂની-નિયમનકારી માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટે ગાઈડલાઈન્સમાં ૧૫ મુદ્દા સૂચવ્યા હતા અને વિદ્યાર્થીલક્ષી જોગવાઈઓના કાનૂની અમલ માટે સક્ષમ સત્તામંડળની રચના ન થાય ત્યાં સુધી ગાઈડલાઈન્સને અમલી રાખવા નિર્દેશ આપ્યા હતા.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ SIRના કારણે પાછી જવાની સંભાવના

ગુજરાતમાં ૬૦ લાખથી વધુ શંકાસ્પદ અને ડુપ્લિકેટ મતદારો હોવાનો આરોપ છે ત્યારે કેન્દ્રીય ચૂંટણી પંચના આદેશને પગલે હવે ગુજરાતમાં પણ મતદાર યાદી સઘન પુનરાવર્તન (એસઆઈઆર) શરૂ કરવા નક્કી કરાયુ છે. જોકે, સમગ્ર પ્રક્રિયા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહ સુધીમાં આટોપી લેવાશે. તે જોતાં પંચાયત અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ હજુ પાછી ઠેલાઈ શકે છે. પંચાયતમાં સભ્ય અને મહાનગરપાલિકામાં કોર્પોરેટર બનવા થનગનતા દાવેદારોએ હજુ રાહ જોવી પડે તેમ છે.રાહુલ ગાંધીએ કર્ણાટક સહિત મહારાષ્ટ્રમાં ડુપ્લીકેટ અને શંકાસ્પદ મતદારોને લઈને પુરાવા રજૂ કર્યાં છે ત્યાર બાદ આ મુદ્દો દેશભરમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે. હવે ચૂંટણીઓમાં બોગસ વોટિંગ ન થાય તે માટે કેન્દ્રીય ચૂંટણી પંચે આખીય કવાયત શરૂ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આદેશ કરતાં ગુજરાતમાં પણ આજથી મતદાર યાદીની ચકાસણીનું કામ શરૂ કરાયુ છે. હાલ ગુજરાતમાં કુલ મળીને પાંચ કરોડ મતદારો છે ત્યારે પ્રથમ તબક્કામાં બુથ લેવલ ઓફિસર ઘેર ઘેર જઈને મતદારોની ઓળખ કરશે. ૫૦,૯૬૩ બુથ લેવલ ઓફિસરોને મતદારોના વેરિફિકેશન કરવાની કામગીરી સુપરત કરાઈ છે.ગુજરાતમાં પણ કોંગ્રેસે ૬૨ લાખ મતદારો શંકાસ્પદ હોવાનો આક્ષેપ કર્યો છે ત્યારે રાજ્ય ચૂંટણી પંચ આ પ્રક્રિયાના માધ્યમથી ડુપ્લીકેટ મતદાર તથા મૃતકના નામ મતદાર યાદીમાંથી દૂર કરશે. સાથે-સાથે બે સ્થળે મતદાર યાદીમાં નામ હોય તેવા મતદારોના નામ પણ યાદીમાંથી કમી કરાશે.તા.૪ નવે.થી ૪ ડિસેમ્બર સુધી મતદાર યાદીના પ્રત્યેક મતદારની ઓળખ કરાશે. તા.૯ ડિસેમ્બરે હંગામી મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે, જેમાં જે મતદારોના નામ કમી થયા હશે તેમને નોટીસ પાઠવી વાંધા સાથે દસ્તાવેજ સાથે રજુઆત કરવા તક આપવામાં આવશે. ૭મી ફેબ્રુઆરીએ આખરી મતદારયાદી જાહેર કરાશે. ત્યાર બાદ ગુજરાતમાં કેટલાં ડુપ્લીકેટ-શંકાસ્પદ મતદારો હતાં તે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. હજુ તો નવા જીલ્લા પંચાયતમાં વોર્ડ સિમાંકન પણ બાકી છે. આ જોતાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાય તેવી શકયતા જ નથી. ચૂંટણીઓ પાછી ઠેલાય તેમ લાગી રહ્યું છે.

પંચાયત અને મહાનગર પાલિકાની ચૂંટણીઓ એપ્રિલ-મે માસમાં યોજાય તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

# આજથી ત્રણ દિવસ હાલાર પર ભારે



અરબી સમુદ્રમાં છેલ્લા ૪ દિવસથી ઘુમરાઈ રહેલા ડિપ્રેશને સ્થિતિ બદલતાં હાલાર પર સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. ગુરૂવાર રાત્રિથી શનિવાર સુધીના ૪૮ કલાક હાલારના બન્ને જિલ્લા જામનગર અને દેવભૂમિ દ્વારકા પર ભારે સાબિત થઈ શકે છે. હવામાન એજન્સી વીંડીએ દર્શાવેલા અનુમાનમાં આજ રાત્રિથી હાલારમાં ભારે કમોસમી વરસાદ વરસવાની શરૂઆત થઈ શકે છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિ ભારે વરસાદ વરસવાની સંભાવના દર્શાવવામાં આવી રહી છે. બન્ને જિલ્લાના વહિવટી તંત્રો સંભવિત સ્થિતિને ધ્યાનમાં લઈને સાબદા બન્યા છે. જયારે હવામાન વિભાગ દ્વારા પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં આગામી ૪૮ કલાક માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ૪-૪ દિવસથી અરબી સમુદ્રમાં ઘુમરાઈ રહેલાં ડિપ્રેશને સમગ્ર રાજયમાં વ્યાપક કમોસમી વરસાદ વરસાવ્યો છે. હજુ પણ આ ડિપ્રેશન અરબી સમુદ્રમાં મંડરાઈ રહયું છે. ત્યારે આ ડિપ્રેશનની દિશા ગુજરાત તરફ ફંટાઈ છે. અગાઉ તે ધીમે-ધીમે પાકિસ્તાન તરફ સરકી રહ્યું હતું, પરંતુ બંગાળની ખાડીમાં ઉદભવેલા ચક્રવાત 'મોન્થા'ની અસર હેઠળ આ ડિપ્રેશન હવે ગુજરાત તરફ ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફ ખેંચાયું છે. આગામી ૪૮ કલાકમાં ડિપ્રેશન વેરાવળ અને કચ્છની વચ્ચેથી ભૂ ભાગમાં પ્રવેશી શકે છે. જેને કારણે હાલારના બન્ને જિલ્લાઓ પર બે દિવસ સુધી આ ડિપ્રેશન મંડરાયેલું રહી શકે છે. પરિણામે બન્ને જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ તેમજ ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે જેને કારણે ખેડૂતોને ભારે નુકસાન થવાની દહેશત પણ ઉભી થઈ છે. સોમવારે તે વેરાવળથી ૫૭૦ કિ.મી.ના અંતરે હતું અને અહેવાલ મૂજબ તે ૪૮૦ કિ.મી. દૂર હતું, એક દિવસમાં આશરે ૧૦૦ કિ. મી.નજીક આવ્યું છે. વળી, આ ડિપ્રેશન સાથે ગુજરાતના પડોશી રાજય રાજસ્થાન ઉપર સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાયું છે જેના પગલે મધ્ય ગુજરાત થઈને અરબી સમુદ્રથી રાજસ્થાન સુધી સમુદ્ર સપાટીથી ૧.૫ કિ.મી. ઉંચાઈએ ભારે વરસાદ લાવે તેવું ટ્રફ સર્જાયો છે. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે જે સામાન્ય માવઠાં વરસાવે છે તે પણ સક્રિય છે. આમ, ગુજરાતમાં માવઠાંની માઠી દશા હજુ જારી રહેશે.

હવામાન વિભાગે બુધવારે (૨૯ ઓકટોબર) અમરેલી, ભાવનગર જિલ્લામાં અતિ ભારે વરસાદની (ઓરેન્જ એલર્ટ) અને દક્ષિણ ગુજરાતના ભરુચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, જૂનાગઢ, સોમનાથ, બોટાદ જિલ્લા તેમજ દીવ-દમણમાં ભારે વરસાદની અને રાજયના અન્ય જિલ્લામાં ૩૦-૪૦ કિ.મી ઝડપે પવન સાથે તોફાની વરસાદની ચેતવણી જારી કરી છે. ડિપ્રેશન ઉત્તર-પૂર્વ દિશામાં એટલે કે સૌરાષ્ટ્ર ભણી કલાકના ૭ કિ.મી.ની ઝડપે આગળ વધ્યું હતું અને આ જ દિશામાં આગળ વધવાનું પૂર્વાનુમાન છે. આ ઉપરાંત કેટલાક મોડેલો અનુસાર ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈને વધુ તીવ્ર બની શકે છે. ગુજરાતમાં ભારે વરસાદથી ખેડૂતોમાં ડિપ્રેશન લાવનાર અરબી સમુદ્રનું ડિપ્રેશન અને આંધ્રપ્રદેશ પર ત્રાટકતું વાવાઝોડું કે જેનું નામકરણ મોનથા થયું છે તેના વચ્ચે બહુ ફરક નથી. ડિપ્રેશન એ લો પ્રેશરમાંથી જન્મતી વરસાદી સિસ્ટમ છે જેમાં ગોળગોળ ઘુમતા પવનની ચક્રાકાર ગતિ ૬૩ કિ.મી.થી ઓછી હોય છે અને ગતિ આથી વધે તો તેને વાવાઝોડા (સાયક્લોનિક સ્ટોર્મ)નું નામ અપાય છે. આ વાવાઝોડુ ૧૧૮ કિ.મી.થી વધુ ચક્રાકાર ગતિએ પહોંચે તો તે સુપર સાયક્લોન બને છે.

# લેઉવા પટેલ સમાજ દ્વારા સરદાર જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમ

લેઉવા પટેલ સમાજ જામનગર શહેર-જિલ્લા દ્વારા અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાના સંદેશને લોક હૃદય સુધી પહોંચાડવા લેઉવા પટેલ સમાજ, જામનગર શહેર-જિલ્લા દ્વારા સરદાર એકતા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

સેટેલાઇટ પાર્ટી પ્લોટ પાસેથી સવારે ૮-૩૦ વાગ્યે શરૂ થનાર બાઇક રેલી રણજીતસાગર રોડ, પવનચકકી, સુમેર કલબ રોડ પરથી પસાર થઈને લેઉવા પટેલ સમાજ ભવન, રણજીતનગર ખાતે સવારે ૧૦ વાગ્યે પહોંચશે. આ સાથે લેઉવા પટેલ સમાજ, રણજીતનગર ખાતે તૈયાર કરવામાં આવેલ સરદાર પટેલના વિશાળ પ્રોટ્રેટનો અનાવરણ કાર્યક્રમ સમાજ ભવન ખાતે સવારે ૧૦-૩૦ કલાકે યોજવામાં આવશે.

આ ઉપરાંત સમાજ ભવન ખાતે તૈયાર થયેલ બેંકવેટ હોલ તથા વિવિધ વિંગોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. બાદમાં સવારે ૧૧ કલાકે સમાજ ભવન ખાતે જ દર વર્ષની પરંપરા મુજબ જ્ઞાતિજનો માટે યોજવામાં આવતો સ્નેહમિલન કાર્યક્રમ



રાખવામાં આવ્યો છે. તમામ કાર્યક્રમોમાં જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં જોડાવા પ્રમુખ મનસુખભાઈ રાબડીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# નવા નિમણુંક થયેલ મંત્રી રીવાબા જાડેજાનો સત્કાર સમારોહ

રાજ્ય સરકારમાં મંત્રી તરીકે નિમણુંક થયેલ રીવાબા જાડેજાના સત્કાર સમારોહનું વિશ્વકર્મા વાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું તેમજ રાજપૂત સમાજ દ્વારા વિશાળ બાઇક રેલી પણ યોજાઇ હતી. જામનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીવાબા જાડેજાની તાજેતરમાં ગુજરાત રાજ્યના મંત્રી મંડળમાં સમાવેશ થયો છે. તાજેતરમાં તેમને ગાંધીનગર ખાતે મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતાં. તેમની મંત્રી તરીકે નિમણુંકને લઇ રાજપૂત સમાજના ખુશીની લહેર છવાઇ છે.

જામનગરમાં નવનિયુકત મંત્રી રીવાબા જાડેજાના સત્કાર સમારોહનું ગાંધીનગર વિશ્વકર્માની વાડી ખાતે





આયોજન કરવામાં આવ્યું હતું. આ પૂર્વે રાજપૂત સમાજ દ્વારા બાઇક રેલી યોજાઇ હતી. જામનગરમાં રાજપૂત સમાજ નજીક મહારાણાની પ્રતિમા ખાતેથી આ બાઇક રેલીનો પ્રારંભ થયો હતો. જેમાં રાજપૂત સમાજના યુવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ સત્કાર સમારોહમાં મેયર વિનોદભાઇ ખુમસુર્યા, પ્રણામી સંપ્રદાયના ૧૦૮ કૃષ્ણમણી મહારાજ, બેડી ગેઇટ સ્વામીનારાયણ સંપ્રદાયના પ.પૂ. ચત્રભુજદાસજી મહારાજ, ડે.મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમીટી ચેરમેન નિલેશભાઇ કગથરા, શાસક પક્ષના નેતા આશિષભાઇ જોષી, પૂર્વમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), પૂર્વમંત્રી વસુબેન ત્રિવેદી, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઇ સોલંકી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ નિલેશભાઇ ઉદાણી, અગ્રણી જીતુભાઇ લાલ, પૂર્વ મેયર દિનેશભાઇ, કનકસિંહ જાડેજા, કિરીટભાઇ મહેતા, મિતેશભાઇ લાલ, પૂર્વ સ્ટે. ચેરમેન મેરામણભાઇ ભાટુ, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઇ કકનાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

# બોલો...ખેડૂતોની દુર્દશા! ૬૬ હજારનો ખર્ચ કરીને ડૂંગળી ઉગાડી, મળ્યા માત્ર રૂા.૬૬૪



મહારાષ્ટ્રના પુણેમાં એક ખેડૂત માટે ડુંગળીનું ઉત્પાદન મુશ્કેલી લાવ્યું. તેણે એક એકર જમીનમાં ડુંગળીની ખેતી કરી હતી, જેના પર ૬૬ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો.

વરસાદને કારણે સુદમ ઈંગલે નામના આ ખેડૂતનો ઘણો પાક બરબાદ થઈ ગયો હતો. પરંતુ ખેડૂતો મહામહેનતે પોતાનો કેટલોક પાક બચાવી લીધો હતો. આ ડુંગળી વેચવા માટે ખેડૂત માર્કેટમાં પહોંચ્યો હતો. ખેડૂતો ડુંગળીના પેકેજિંગમાં ૧૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. પરંતુ તેને ૭.૫ ક્વિન્ટલ ડુંગળીના માત્ર ૬૬૪ રૂપિયા મળ્યા.

ખેડૂત કહે છે કે તેની પાસે હજુ પણ વધુ ડુંગળી બાકી છે, પરંતુ તેને વેચવાને બદલે, તે તેને ખાતરમાં રૂપાંતરિત કરશે અને આવતા વર્ષે વેચશે. સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખાતર વેચવાથી વધુ નફો થશે. ઈંગલેએ કહ્યું, હું પ્રમાણમાં મોટો ખેડૂત છું. ઘણા નાના ખેડૂતો જેમની પાસે ફક્ત ૧ કે ૨ એકર જમીન છે, તેમણે ખેતી માટે લોન લીધી છે. આટલા બધા નુકસાન પછી તેઓ કેવી રીતે જીવશે? જો સરકાર કંઈ નહીં કરે, તો ખેડૂતોની આત્મહત્યા વધશે. એ નોંધવું જોઈએ કે મહારાષ્ટ્રમાં, માત્ર ડુંગળી જ નહીં પરંતુ બટાકા, દાડમ અને ટામેટાં જેવા પાકને પણ નોંધપાત્ર નુકસાન થયું છે.

દિવાળી પહેલા કમાણી ન થવાને કારણે ઘણા લોકો આ તહેવાર ઉજવી શકતા નથી. નાસિકના એક APMC સભ્યએ જણાવ્યું કે આ વર્ષે દિવાળીની ઉજવણી માત્ર શહેરોમાં થઈ કારણ કે ગામના લોકો પાસે દીવો ખરીદવાના પણ પૈસા નથી. અહીં ૫૦૦થી ૧૪૦૦ રૂપિયામાં પ્રતિ કિલો ડુંગળી વેચાઈ છે.

૭ મહિના સુધીની સેલ્ફ લાઈફ હોવાને કારણે ખેડૂતે ચેને વેચી નહીં. તેનાથી વધુ ભાવ મળવાની આશામાં ભેગી કરી હતી અને હવે તેને વેચવામાં આવી રહી છે. હવે વરસાદને કારણે નવો પાક ખરાબ થઈ ગયો છે અને બાકીની ડુંગળીની ક્વોલિટી ખરાબ છે અને ખૂબ ઓછા ભાવે વેચાઈ રહી છે.

સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખેડૂતોને તેમના ખેતરો તૈયાર કરવા, રોપાઓ ખરીદવા, તેમને પેક કરવા અને બજારમાં તેમના ઉત્પાદનને લઈ જવાથી લઈને નોંધપાત્ર ખર્ચ થાય છે.

બદલામાં તેમને મળતી ઓછી કિંમત એક મોટી અસુવિધા છે. ખેડૂત માણિકરાવ ઝેન્ડેએ પોતાની દુર્દશા સમજાવતા કહ્યું, બજારના ભાવને જોતાં, મેં મારા ડુંગળીના પાકને વેચ્યો નહીં અને તેને ખાતરમાં રૂપાંતરિત કર્યો, જેનાથી નુકસાન ઓછું થયું. આ વર્ષે, મેં દાડમની ખેતીમાં ૧.૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું.

# 30,000 થી વધુ લોકો બન્યા ઓનલાઈન રોકાણ કૌભાંડનો શિકાર

ગૃહ મંત્રાલયની સાયબર શાખાએ ઓનલાઈન રોકાણ ફ્રોડ અંગે એક અહેવાલ જાહેર કર્યો છે. આ રિપોર્ટ મુજબ, છેલ્લા ૬ મહિનામાં ભારતના ૩૦,૦૦૦થી વધુ લોકો સાથે રોકાણના નામે ૧૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય છેતરપિંડી થઈ છે. જે લોકો કૌભાંડનો શિકાર બન્યા છે, તેમાં સૌથી વધુ ૩૦થી ૬૦ વર્ષની વયના હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે તેમાંથી ૬૫% કેસ બેંગલુરુ, દિલ્હી-એનસીઆર અને હૈદરાબાદમાં થયા છે. ભારતીય સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટરના અહેવાલ મુજબ, આ છેતરપિંડીના ૬૫ ટકા કેસ માત્ર ત્રણ મહાનગરો - બેંગલુરુ, દિલ્હી-એનસીઆર અને હૈદરાબાદમાં નોંધાયા છે.

કુલ નાણાકીય નુકસાનમાં બેંગલુરુનો હિસ્સો સૌથી મોટો છે, જે કુલ નુકસાનના એક-ચતુર્થાંશ એટલે કે ૨૬.૩૮% જેટલો છે. આ શહેરો સાયબર અપરાધીઓ માટે અજાણ રોકાણકારોને નિશાન બનાવવાના મુખ્ય કેન્દ્રો બની ગયા છે. જ્યારે દિલ્હીમાં પ્રતિ વ્યક્તિ સૌથી વધુ નુકસાન થયું છે, જ્યાં પીડિતોને સરેરાશ ૮ લાખનું નુકસાન થાય છે.

રિપોર્ટ કરાયેલા કૌભાંડો મોટી





રકમ સાથે જોડાયેલા છે, જેમાં દરેક પીડિતને સરેરાશ લગભગ ?૫૧.૩૮ લાખનું મોટું નુકસાન થયું છે. આ દર્શાવે છે કે આ રોકાણ યોજનાઓ જટિલ છે અને વ્યક્તિગત નાણાં માટે મોટો ખતરો ઊભો કરે છે. રિપોર્ટનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું છે કે જે લોકો ફ્રોડથી પ્રભાવિત થયા છે, તેમાંના મોટાભાગના કામકાજી વય જૂથના છે. આંકડાઓ અનુસાર, સ્કેમર્સે ૩૦થી ૬૦ વર્ષની વયના લોકોને રોકાણના નામે સૌથી વધુ ઠગ્યા છે. ઠગાયેલા લોકોમાં આ વયના લોકોની સંખ્યા ૭૬ ટકાથી વધુ છે. ઠગ લોકો જાણે છે કે આર્થિક રીતે સક્ષમ લોકોમાં નાણાકીય આકાંક્ષાઓ હોય છે અને સ્કેમર્સ આનો જ ફાયદો ઉઠાવે છે.વરિષ્ઠ નાગરિકોને પણ ઝડપથી નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેમાંથી ૮.૬૨% અથવા લગભગ ૨૮૨૯ લોકો ૬૦ વર્ષથી વધુ વયના છે. સાયબર અપરાધીઓ કૌભાંડો માટે વિવિધ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરે છે, જેમાં મેસેજિંગ એપ્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મુખ્ય છે. રિપોર્ટ મુજબ, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સ લગભગ ૨૦% કેસ માટે જવાબદાર છે. તેમની એક્રિપ્ટેડ પ્રકૃતિ અને ગ્રૂપ બનાવવાની સરળતાને કારણે તે સ્કેમર્સ માટે આકર્ષક છે. જ્યારે, લિંક્ડઇન અને ટ્વિટર જેવા ઔપચારિક વ્યાવસાયિક નેટવર્કનો ઉપયોગ ઘણો ઓછો એટલે કે માત્ર ૦.૩૧% ઘટનાઓ માં થાય છે. અપરાધીઓ અનૌપચારિક અને સીધા સંદેશા મોકલનારા માધ્યમોને પ્રાધાન્ય આપે છે.

### જામનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને

# સમાજ સુરક્ષા કચેરી દ્વારા જિલ્લાના ૪૨૨ ગામોમાં ખાસ ગ્રામસભા યોજાઇ



### ગ્રામસભાઓમાં દિવ્યાંગજનોને લગત યોજનાઓ અને બાળ સુરક્ષા એકમની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી

જામનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા જામનગર જિલ્લાના કુલ ૪૨૨ ગામોમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સંસ્થાના કર્મચારીઓએ દિવ્યાંગજનોને લગત યોજનાઓ અને બાળ સુરક્ષા એકમની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

જેમાં બાળકોનો શાળામાં પ્રવેશ અને હાજરી સુનિશ્ચિત કરવા, કોઈ પણ બાળક ચાલુ અભ્યાસે શાળા છોડી ન જાય તે માટે કાળજી રાખવા, ગામના તમામ બાળકોની નિયમિત રીતે સ્વાસ્થ્યની કાળજી લેવા, આરોગ્ય ચકાસણી અને રસીકરણ કરાવવા, આપણા ગામના બાળકો આંગણવાડી તેમજ મધ્યાહ્નન ભોજન યોજનાનો લાભ મેળવે તે સુનિશ્ચિત કરવા, ગામના બાળકોને કોઈપણ પ્રકારની હિંસા, શોષણ તેમજ ભેદભાવથી સુરક્ષિત કરવા, ગામને બાળ વિવાહમુક્ત ગામ બનાવવા અને ગામમાં બાળ વિવાહ થતા અટકાવવા, ગામનું કોઈપણ બાળક બાળ મજુરી કરશે નહી અને ગામને બાળમજુરી મુક્ત ગામ બનાવવા, ગામમાં નિયમિત બાળ પંચાયત યોજવી વગેરે બાબતે સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત સમાજ સુરક્ષા વિભાગમાં અને બાળ સુરક્ષા એકમમાં ચાલતી વિવિધ યોજનાઓ વિશે અને દતક વિધાન વિશે ગ્રામજનોને માહિતીગાર કરવામાં આવ્યા હતા. તેમજ નશો નહિ કરવા અંગે તથા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા એક આદર્શ બાળમિત્ર ગામ બનાવવા અંગે શપથ લેવડાવવામાં આવ્યા હતા. વિવિધ ગામડાઓમાં યોજાયેલ ગ્રામ સભાઓમાં ગામના સરપંચઓ, તલાટી મંત્રીઓ, શાળાના આચાર્યઓ, ગ્રામ પંચાયતના સભ્યઓ, આશાવર્કર, આંગણવાડી વર્કર તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. તેમ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધ્રોલના ગોકુલપાર્કમાં રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા

ધ્રોલમાં ગોકુલપાર્ક-૨ વિસ્તારમાં બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો રોકડ, સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂા.૮૦,૦૦૦ની માલમતા ઉસેડી ગયાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઇ છે.

આ અંગેની વિગત મુજબ ધ્રોલના ગોકુલપાર્ક૦૨ શેરી નં.૩ પ્લોટ નં.૬૮માં રહેતા પરેશભાઇ નારણભાઇ દલસાણીયાના રહેણાંક મકાનમાં તા.૨૨ના રાત્રીના સમયે અજાણ્યા શખ્સોએ મકાનના દરવાજાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનના રૂમમાં આવેલ કબાટનો દરવાજાનો લોક તોડી કબાટની તિજોરીનો લોક તોડી તિજોરીમાં રાખેલ રૂા.૩૦,૦૦૦ની રોકડ તથા રૂા.૫૦,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂા.૮૦,૦૦૦ના માલમતાની ચોરી કરી નાશી ગયા હતાં.

આ અંગે પરેશભાઇ દ્વારા ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી જઇ તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં ધ્રોલ પીએસઆઇ આર.એચ. બાટવા દ્વારા તપાસ ચલાવાઇ રહી છે.

# જામનગર શહેરનું ગૌરવ



જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના ભરતભાઇ મથરની યાદીમા જણાવેલ કે ક્રિકેટ ની દુનિયા મા જામનગર ના મહિલા ખેલાડી એવા Dharani Thapetla એ વેસ્ટ ઝોન senior womens ટીમ માં સ્થાન મેળવીને જામનગર ને ગૌરવંતીત કરેલ છે. તેઓ આગામી ૦૪ નવેમ્બર ૨૦૨૫ થી ૧૪ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન નાગાલેન્ડ ખાતે ઈન્ટર ઝોનલ T20 trophy dp,, West zone ટીમ વતી તેઓ રમશે. જામનગર ડિસ્ટ્રિક ક્રિકેટ એસોસિએશન દ્વારા કોચ મહેન્દ્ર સિંહ ચૌહાણ પાસે વર્ષો થી પ્રેક્ટિસ મેળવી ને આ સિદ્ધિ મેળવેલ છે. ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન ના હોદ્દેદારો તથા નગર ના ક્રિકેટ પ્રેમી જનતા દ્વારા તેમને અભિનંદન પાઠવવા માં આવેલ.

# ધારાસભ્યોને ગાંધીનગરમાં મળશે ફાઈવસ્ટાર સુવિધાવાળા ફલેટ

નવા મંત્રીમંડળના પુનઃગઠન બાદ પાટનગર ગાંધીનગરમાં ધારાસભ્યો માટે નવા આવાસ ખુલ્લા મૂકવા તૈયારીઓ કરાઈ છે. ૨૨૦ કરોડના ખર્ચે મોર્ડન અને લક્ઝુરિયસ ફ્લેટ્ તૈયાર કરાયાં છે. સંભવિત ૨૩ ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે મોર્ડન ફ્લેટ ખુલ્લા મૂકાય તેવી શક્યતા છે. દિવાળી બાદ ધારાસભ્યો નવા ફ્લેટમાં રહેવા જશે. આ જોતા ધારાસભ્યોની દિવાળી સુધરી છે.

ધારાસભ્યો માટે આકાર પામેલાં ૧૨૬ લક્ઝુરિયસ ફ્લેટમાં બે માસ્ટર રુમ, લિવિંગ રૂમ, બે બેડરૂમ, રસોડું, ડાઈનિંગ એરિયા, વેઈટીંગ એરિયા ઉપરાંત નાની ઓફિસની સુવિધા છે. પ્રત્યેક ફ્લેટમાં કર્મચારીના રૂમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ લક્ઝુરિયસ ફ્લેટમાં માસ્ટર, લિવિંગ રૂમ, બેડરુમમાં એસસી ઉપરાંત ૪૩ ઈંચ નું એલઈડી ટીવી ટેબલ નેટવર્ક સાથે ગોઠવવામાં આવ્યુ છે. સાથે સાથે ફ્રીજ, ગેસ ગીઝર અને ઈલેક્ટ્રિક ગીઝરની પણ સુવિધાઓ અપાઈ છે. નવા સદસ્ય નિવાસ સંકુલમાં બે લેન્ડ સ્કેપ ગાર્ડન, પ્લે એરિયા, એક ઓડિટોરિયમ, હેલ્થ ક્લબ, કેન્ટિન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. દરેક નવ માળના બિલ્ડિંગમાં બે લિફ્ટની સુવિધા હશે. આ ઉપરાંત એન્ટ્રી-એક્ઝીટ માટે ચાર દરવાજા હશે.

૨૮,૫૭૬ મીટર વિસ્તારમાં નવા આવાસ તૈયાર કરાયા છે. એક ફ્લેટમાં ૨૦૪ ચોરસ મીટરની જગ્યા મળશે. ૩ બેડરૂમ, રસોડું, ડાઈનિંગ એરિયા, ઓફિસ રૂમ, વેઈટિંગ રૂમ, બાલકની, ડ્રેસિંગ રૂમ, ૩ અટેચ બાથરૂમ અને ટોઈલેટ, ૧ કોમન બાથરૂમ અને ટોઈલેટ, ૧ સરવન્ટ રૂમ. નવા આવાસસ્થાન પર ગાર્ડન, મલ્ટિપર્પઝ હોલ, કોમ્યુનિટી હોલ, સ્વિમિંગ પૂલ સહિતની સુવિધાઓ સાથે ઘરમાં ૩ સ્પ્લિટ એસી લગાવવમાં આવશે. લિવિંગ રૂમ અને બેડરૂમમાં ૪૩-૪૩ ઈંચના એલઈડી ટીવી, રેફ્રિજરેટર અને એસી પ્લાન્ટ મૂકવામાં આવશે. બાથરૂમમાં ગરમ પાણી માટે ઈલેક્ટ્રિક ગીઝરની પણ સુવિધા આપવામાં આવશે.

# રાજ્યમાં ૯ ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોરનું નિર્માણ થશે



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જાહેરાત : ૨૭૧ કિ.મી.ના માર્ગ કલાઈમેટ રેઝિલિયેન્ટ તથા નવી ટેકનોલોજીથી બનશે : ૮૦૩ કિ.મી.ના રસ્તાની સપાટીમાં સુધારણા કરાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્કને વધુ સંગીન અને સુવિધાયુક્ત બનાવીને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશનથી વિકસિત ગુજરાત દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૨૪ કામો માટે રૂ.૭૭૩૭ કરોડ ફાળવવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ માટે માર્ગો અને પુલોની મહત્વતા ધ્યાને લેતા સમગ્ર ગુજરાતને સુવિધા સભર અને સલામત માર્ગોની કનેક્ટિવિટી દ્વારા છેવાડાના વિસ્તારો સુધી મજબૂત માર્ગોનું નેટવર્ક પુરુ પાડવાના દિશાનિર્દેશો માર્ગ મકાન વિભાગને આપ્યા છે. તેમણે રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવીને વધુ સરળ, સલામત અને ઝડપી વાહનવ્યવહાર યોગ્ય બનાવવા માટે ૮૦૯ કિલોમીટર લંબાઈના ૯ ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર માટે ૫૫૭૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તદ્અનુસાર બગોદરા - ધંધુકા - બરવાળા - બોટાદના ૯૨.૨૩ કિલોમીટર લંબાઈ માટે ૬૭.૪૩ કરોડ, બોટાદ - ઢસા - ચાવંડ - અમરેલી - બગસરા - બિલખા - મેંદરડાના ૬૭.૩૦ કિ.મી. માટે રૂ.૧૫૮.૬ કરોડ, મેંદરડા - કેશોદ - માંગરોળના ૪૮.૫૫ કિ.મી માટે રૂ.૮૧.૩૮ કરોડ, ઊંઝા-પાટણ-શિહોરી-દિયોદર-ભાભરના ૧૦૫.૦૫ કિ.મી રોડ માટે રૂ.૮૫૮.૩૯ કરોડ, કરજણ - ડભોઈ - બોડેલીના ૭૧.૧૦ કિ.મી રોડ માટે રૂ.૩૩૧.૧૬ કરોડ, દહેગામ - બાયડ - લુણાવાડા - સંતરામપુર - ઝાલોદના ૧૬૭.૫૪ કિ.મી. માટે રૂ.૧૫૧૪.૪૧ કરોડ, અમદાવાદ - હરસોલ - ગાંભોઈ - વિજયનગરના ૧૪૩.૩૦ કિ.મી. રોડ માટે રૂ.૬૪૦.૩૦ કરોડ, સંતરામપુર - મોરવા હડફ - સંતરોડના ૪૯.૯૦ રોડ માટે રૂ. ૮૬૧.૭૧ અને સંતરોડ - દેવગઢ બારિયા - છોટા ઉદેપુરના ૬૪.૦૫ કિ.મી. રોડ માટે રૂ.૧૦૬૨.૮૨ કરોડ મંજૂર કર્યા છે. આ નવા હાઈસ્પીડ કોરીડોરનું નિર્માણ થવાથી પરિવહન વધુ ઝડપી બનશે તેમજ પી.એમ. ગતિશક્તિ અન્વયે લોજિસ્ટિકસ કાર્યક્ષમતામાં સુધારો અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. હાઈસ્પીડ કોરીડોર બનવાના પરીણામે નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થશે અને તેની આસપાસના વિસ્તારોમાં આર્થિક વિકાસ તથા વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. એટલુ જ નહિં, મહત્વના શહેરો સાથે ઝડપી જોડાણ મળતા અને મુસાફરી સરળ અને પ્રવાસનને પણ વેગ મળશે.

# કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકશાનીનું વળતર આપવા સાંસદ પૂનમબેન દ્વારા રજૂઆત



જામનગર સંસદીય મત વિસ્તારમાં તાજેતરમાં થયેલ કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને થયેલ નુકશાનનું વળતર આપવા સાંસદ પૂનમબેન માડમ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.સાંસદ પૂનમબેન માડમ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલ રજૂઆતમાં જણાવ્યું છે કે તાજેતરમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં પડેલ કમોસમી ભારે વરસાદની સાથે ૧૨ જામનગર સંસદીય મત વિસ્તારના જામનગર, દ્વારકા અને મોરબી જિલ્લાના આમરણ (ચોવીસી) વિસ્તારમાં ગત નવરાત્રી સમયે અને તાજેતરમાં થયેલ કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો તૈયાર પાક પલળી જઇ નિષ્ફળ ગયો છે. તેમજ ખેતરોમાં ઉભા પાકને પણ ખૂબ જ નુકશાન થયું છે. આ કમોસમી વરસાદના કારણે મોટાભાગના ખેડૂતોનો ખરીફ પાક નિષ્ફળ ગયો છે. જેનાથી ખેડૂતોને ખૂબ જ નુકશાની થઇ છે.વધુમાં તેમણે જણાવ્યું છે કે તેમના સંસદીય મત વિસ્તારમાં રાજયનો સૌથી વધુ લાંબો દરીયા કાંઠો આવેલ છે અને આ વિસ્તારમાં મુખ્ય પાક મગફળી અને કપાસ છે. તદઉપરાંત અન્ય પાકોને પણ સપ્ટેમ્બર ૨૦૨૫ તથા ચાલુ માસમાં તા.૨૫-૧૦-૨૦૨૫થી આવેલ સતત કમોસમી વરસાદના કારણે ભારે નુકશાન થયું છે. તેમજ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હોય પશુઓ માટેના સુકા ઘાસચારા પણ પલળીને નાશ પામ્યા છે. તેના કારણે ખેડૂતોનું આર્થિક બજેટ ખોરવાઇ ગયું છે. આથી હાલના કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલ નુકશાની અંગેનો સર્વે કરાવી ખેડૂતોને થયેલ પાક નુકશાની માટે ખાસ આર્થિક રાહત પેકેજ તાત્કાલીક જાહેર કરવા માંગણી કરી છે.

# ૧૨ રાજ્યોના ૫૧ કરોડ મતદારોની ચકાસણી કરશે ચૂંટણી પંચ

## ગુજરાત સહિતના રાજ્યોમાં પ્રક્રિયાનો પ્રારંભ : ૭મી ફેબ્રુઆરી સુધી ચાલશે કવાયત

ચૂંટણીપંચે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બીજા તબક્કાનો કાર્યક્રમ નવેમ્બરમાં શરૂ કરવાનો અને ફેબ્રુઆરીમાં પૂરો કરવાનો નિર્ણય લીધો છે. ચોથી નવેમ્બરના રોજ તેનો પ્રારંભ થશે અને ચોથી ડિસેમ્બર સુધી મતદારયાદી સુધારણા ચાલશે, ૯મી ડિસેમ્બરે ચૂંટણીપંચ કાચી મતદાર યાદી જારી કરશે, જયારે અંતિમ મતદારયાદી ૭મી ફેબ્રુઆરીએ જારી કરાશે, એમ ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું. કુમારે જણાવ્યું હતુ કે આસામમાં સિટિઝનશિપ એકટની અલગ જોગવાઈ લાગુ કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ નાગરિકત્વ ચકાસણી કરવાની કવાયત પૂરી થઈ ગઈ છે. આખા દેશમાં લાગુ પડતી મતદારયાદી સુધારણાની જોગવાઈ આસામમાં લાગુ પડતી નથી. તેથી તેના માટે અલગ આદેશ જારી કરવા પડયા છે અને અલગ મતદારયાદી સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. તેની તારીખોની જાહેરાત કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.ઈ

આ મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત, ગોવા, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, અંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે. ચૂંટણીપંચે જણાવ્યું હતું કે નવેમ્બરમાં શરૂ થનારી મતદારયાદી સુધારણા સ્વતંત્રતા પછી આ પ્રકારની નવમી કવાયત છે. આ પહેલા આઠ વખત આ કવાયત થઈ ચૂકી છે. છેલ્લે તે ૨૦૦૨-૦૩માં થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે બિહારમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં કોઈ અપીલ નોંધાઈ નથી. તેમણે જણાવ્યું હતું કે બીજા તબક્કાના મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં કુલ ૫૧ કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. તેમણે પશ્ચિમ બંગાળ સરકાર સાથે કોઈપણ પ્રકારની સંઘર્ષની વાત નકારી હતી. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીપંચ તેની બંધારણીય ફરજ નીભાવી રહ્યું છે. રાજ્ય સરકાર તેની બંધારણીય ફરજ નીભાવે. તેમણે જણાવ્યું હતું સરકારની ફરજ છે કે તેઓ જરુરી કર્મચારીઓ પંચને પૂરા પાડે.તેમણે જણાવ્યું હતું કે આ પ્રક્રિયામાં કુલ ૫.૩૩ લાખ બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) અને રાજકીય પક્ષના ૭.૬૪ લાખ બૂથ એજન્ટ સામેલ થશે બીએલઓ દરેક ઘરની કમસેકમ ત્રણ વખત મુલાકાત લેશે, જેથી નવા મતદારોને મતદારયાદીમાં જોડી શકાય. ખામીઓ સુધારી શકાય, તે ઘેર-ઘેર જઈને ફોર્મ-૬ અને ડેકલેરેશન ફોર્મ એકત્રિત કરશે. નવા મતદારોને ફોર્મ ભરવામાં મદદ કરશે અને પછી તે દસ્તાવેજોને ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર અથવા આસિસ્ટન્ટ ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસરને




સોંપશે. જ્ઞાનેશકુમારે જણાવ્યું હતું કે કોઈપણ મતદાન કેન્દ્ર પર ૧,૨૦૦થી વધુ મતદારો ન હોય તે સુનિશ્ચિત કરાય, જેથી પ્રક્રિયા સુગમ રહે. તેમણે જણાવ્યું હતું કે તે સુનિશ્ચિત કરવામાં આવશે કે વૃદ્ધો, બીમાર, દિવ્યાંગો અને નબળા વર્ગોના લોકોને ફોર્મ ભરવામાં અને ચકાસણીની પ્રક્રિયામાં કોઈ તકલીફ ન પડે. તેના માટે સ્વયંસેવકોની મદદ પણ લેવામાં આવશે.

# ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જોડિયા અને મોરબી તાલુકાનો પ્રવાસ કર્યો













ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા જોડિયા અને મોરબી તાલુકાના પ્રવાસ દરમિયાન ગ્રામજનોની મુલાકાત કરી તેમના પ્રશ્નો સંભાળ્યા હતાં. અને પ્રશ્નોના નિરાકરણની ખાત્રી આપી હતી.

કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા જોડિયા અને મોરબી તાલુકાના પ્રવાસે હતાં આ દરમિયાન રામપર પારાબેકર ગામે મનસુખભાઈ ગાગાણીના ઘરના વાસ્તુ પૂજનમાં ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી. તેમણે સરપંચ મહેન્દ્રભાઈ ગાગાણી સહિતના ગ્રામજનો સાથે મુલાકાત કરીને તેમની રજૂઆતો સાંભળી નિકાલની ખાત્રી આપી હતી.

ત્યારબાદ જોડિયા તાલુકાના માધાપર ગુર્જર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ સંચાલીત વિશ્વકર્મા કેળવણી ધામ (હાલાર) દ્વારા આજે આયોજીત ફરિદાબેન મીર, કિર્તીદાનભાઈ ગઢવી, માયાભાઈ આહિર સહિતના કલાકારોના લોકડાયરાના સ્થળની મુલાકાત લીધી હતી. અને ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના આગેવાનો યુવાનોને શિક્ષણ ક્ષેત્રે થનાર આ કાર્ય અંગે અભિનંદન પાઠવ્યા હતાં. અને મોરાણા ગામે ગ્રામજનો સાથે બેઠક યોજી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

થેલેસેમીયા મુકત સમાજ માટે

# ITI ખાતે ૪૯૩ તાલીમાર્થીઓનું વિનામુલ્યે પરિક્ષણ કરાયું

### કાર્યક્રમને સફળ બનાવવા માટે આઈ.ટી.આઈ. ના સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવેલ

ઈન્ડિયન મેડિકલ સાયન્ટિફિક રિસર્ચ ફાઉન્ડેશન' દ્વારા સંચાલિત લાઈફ થેલેસેમિયા પ્રિવેન્ટિવ સેન્ટર, રાજકોટ અને આઈ.ટી.આઈ. જામનગરના સંયુકત ઉપક્રમે થેલેસેમિયા રોગના નિયંત્રણ અને જાગૃતિના ઉદ્દેશ સાથે, આઈ.ટી.આઈ. જામનગર ખાતે આરોગ્યલક્ષી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં થેલેસેમિયા કેરિયરની ઓળખ કરીને રોગના વારસાગત સંક્રમણ વિશે જાગૃત કરવા આઈ.ટી.આઈ.ના ૪૯૩ જેટલા તાલીમાર્થીઓનું વિનામૂલ્યે થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પરીક્ષણની સાથે સાથે, વિશેષજ્ઞો દ્વારા તાલીમાર્થીઓને થેલેસેમિયા રોગ શું છે, તેના લક્ષણો, કેવી રીતે ફેલાય છે અને ખાસ કરીને



લગ્ન પહેલાં પરીક્ષણનું મહત્વ શું છે તે અંગે વિગતવાર જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સંસ્થાના આચાર્ય આર.એસ. ત્રિવેદીના સક્રિય માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યએ આરોગ્ય શિબિરના આયોજન માટે ફાઉન્ડેશનનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આઈ.ટી. આઈ. ના સ્ટાફ મિત્રો અને થેલેસેમિયા પરીક્ષણ ટીમ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

# બીએપીએસ દ્વારા ઉજવાયો અન્નકૂટ દર્શન...



નૂતન વર્ષના દિવસે વહેલી સવારે મંગળા આરતી, શણગાર બાદ અક્ષર પુરુષોત્તમ મહારાજ, રાધાકૃષ્ણ ભગવાન અને ગુરૂ પરંપરા સમક્ષ સંતો અને સ્વયંસેવકોએ એક હજાર ત્રણસો એંસી વાનગીને ભક્તિપૂર્વક કલાત્મક રીતે ગોઠવી ત્યારબાદ થાળગાન, ગોવર્ધન પૂજા અને આરતી કરવામાં આવી ત્યારબાદ અન્નકૂટ દર્શન સૌ ભક્તો માટે ખૂલ્લા મૂકાયા. બપોરના બાર વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીમાં વીસ હજારથી વધુ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લીધો હતો. નવ હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન બી.એ.પી.એસ.ના સ્વયંસેવકો અને સ્વયંસેવિકા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચેક બાઉન્સ કરાવનારને હવે બે વર્ષની સજા : આરબીઆઇ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરોડો ખાતાધારકોની સુરક્ષા અને સુવિધા માટે દર થોડાક સમયે અલગ અલગ પોલિસી રજૂ કરવામાં આવે છે. આ આરબીઆઈ દ્વારા ચેક બાઉન્સિંગ સંબંધિત કેટલાક નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક દ્વારા નવી ગાઈડલાઈન્સ આપવામાં આવી છે અને આ ગાઈડલાઈન વિશે જાણી લેવું તમારા માટે ખૂબ જ લાભદાયી રહેશે.




આરબીઆઈ દ્વારા ચેક બાઉન્સને લઈને નિયમ ખૂબ જ કડક બનાવ્યા છે. નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ્સ એક્ટ ૧૮૮૧ની ધારા ૧૩૮ હેઠળ ચેક બાઉન્સ થતાં સજા તેમ જ દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે. જો તમે પણ આજના ડિજીટલ સમયમાં ચેકથી લેવડદેવડ કરો છો તો જાણો રિઝર્વ બેંકના નવા નિયમ અનુસાર જો કોઈ વ્યક્તિનો ચેક બાઉન્સ થાય તો એ વ્યક્તિને બે વર્ષની સજા થઈ શકે છે. એટલું જ નહીં કોર્ટ દ્વારા તેને દંડ પણ ફટકારવામાં આવી શકે છે. આરબીઆઈ દ્વારા આ ફેરફાર એટલા માટે કરવામાં આવ્યો છે કારણ કે વ્યવહારમાં પારદર્શકતા જળવાઈ રહે અને કોઈ ફ્રોડનો સામનો ના કરવો પડે. ચેક બે જ કારણસર બાઉન્સ થાય એક તો કાં તો તમારા એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ ના હોય અને કાં તો તમારી સહીમાં કોઈ સમસ્યા થઈ હોય. આ જ કારણે ચેક પર સહી કરો ત્યારે ખૂબ જ ધ્યાનથી સહી કરવી જોઈએ અને ચેક આપતાં પહેલાં એકાઉન્ટમાં બેલેન્સ છે કે નહીં એ તપાસી લેવું જોઈએ. ચેક બાઉન્સ થાય એના ૩૦ દિવસમાં જ તમને નોટિસ મોકલવામાં આવે છે એટલે નોટિસ મળ્યાના ૧૨ દિવસની અંદર પેમેન્ટ કરી દેવું જોઈએ, નહીં તો તમારી સામે કેસ ફાઈલ થઈ શકે છે. કેસ ફાઈલ થયાના ૩૦ દિવસની અંદર તમારે કોર્ટમાં સુનાવણી માટે પહોંચવું પડે છે. ટૂંકમાં જો આ બધી લપમાં ના પડવું હોય તો ચેક આપતાં પહેલાં બેંક એકાઉન્ટ પર અને સહી કરતાં પહેલાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ.

# સ્વદેશી મેળામાં ખાખરાના વેચાણ થકી દૈનિક ૧૭ હજારની આવક મેળવતા મંજુલાબેન

સ્વદેશી અભિયાન તથા વોકલ ફોર લોકલ અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં યોજાયેલા સ્વદેશી મેળામાં લોકો બહોળી સંખ્યામાં આવીને ખરીદી કરી રહ્યા છે. અહીં મંજુલાબેન નામના મહિલા વિવિધ ૧૫ ફ્લેવર્સના ખાખરા વહેચી સારી આવક મેળવી રહ્યા છે.

ચિખલીયા મંજુલાબેન જણાવે છે,કે તેઓ રિદ્ધિ સિદ્ધિ સખી મંડળના પ્રમુખ છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં તેઓ ૧૪ વર્ષથી ખાખરા ઉદ્યોગ ચલાવી રહ્યા છે. વિવિધ ૧૫ ફ્લેવર્સના ખાખરા જેમાં તેઓ આદુ-મરચા, પિત્ઝા, પાનીપુરી, મેથી મસલા, કોથમરી, સરગવો, ચાટમસાલા જેવા ફ્લેવર્સના ખાખરા બનાવે છે.



જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી ચીજ વસ્તુઓનું વેચાણ વધારવાના હેતુથી પ્રદર્શન ગ્રાઉન્ડમાં શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમને વિનામુલ્યે સ્ટોલ ફાળવવામાં આવ્યો છે. અને જમવાનું પણ ફ્રીમાં આપે છે. આ સ્વદેશી મેળામાં બહોળી સંખ્યામાં લોકો મુલાકાત લે છે. આ સ્ટોલ પરથી તેઓ ખાખરાનું વેચાણ કરીને દૈનિક રૂ.૧૫ હજારથી ૧૭ હજારની આવક મેળવી રહ્યા છે. દિવાળીના તહેવાર દરમિયાન મહિલાઓને વ્યવસાય કરવાની તક પૂરી પાડવા બદલ તેઓ સરકારનો આભાર વ્યક્ત કરે છે.

# બેલરની ખરીદી માટે રૂપિયા ૬ લાખ ૨૨ હજારની સહાય મળી

### કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવ ઉજવણી કાર્યક્રમમાં સહાય મંજુર : લાભાર્થીએ સરકારનો આભાર માન્યો

જામનગર તાલુકાના હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓ થકી લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં જામનગર તાલુકાના રવાણી ખીજડીયા ગામના લાભાર્થીશ્રી ગુલાબબા મહેન્દ્રસિંહ જાડેજાને એજીઆર ૨ ફાર્મ મિકેનાઇઝેશન યોજના અંતર્ગત બેલર (ટ્રેકટર સંચાલિત ઘાસની ગાંસડી બાંધવાનું સાધન) માટે રૂ. ૬,૨૨,૮૪૨ની સહાય મંજુર કરવામાં આવી હતી.

આ સહાય મળવા બદલ લાભાર્થીના પુત્ર જાડેજા અમરદીપસિંહ મહેન્દ્રસિંહ જણાવે છે કે મારું ગામ રવાણી ખીજડીયા છે. અમને સરકાર તરફથી બેલર માટે રૂ.૬ લાખ ૨૨ હજારની સહાય મળી છે. બેલરનો ઉપયોગ ઘઉં, કામોજ વગેરેની ગાંસડી બનાવવા થાય છે. આ બેલરથી અમને ઘણો ફાયદો થશે અને આ સહાય બદલ હું ખેતીવાડી વિભાગ અને સરકારનો આભાર માનું છું.

# હવે ક્રિપ્ટો કરન્સી સંપત્તિ ગણાશે, કાયદા હેઠળ થશે કાર્યવાહી

મદ્રાસ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં કહ્યું કે, ક્રિપ્ટોકરન્સી ભારતીય કાયદા હેઠળ સંપત્તિ ગણાશે. તે લીગલ ટેન્ડર ન હોવા છતાં તેમાં સંપત્તિના તમામ ગુણ ઉપલબ્ધ છે. જસ્ટિસ આનંદ વેંકટેશે કહ્યું કે, ક્રિપ્ટોકરન્સી ભૌતિક સંપત્તિ કે કરન્સી નથી. પરંતુ તે એક એવી સંપત્તિ છે, જેને વ્યક્તિ પોતાની પાસે રાખી શકે છે. અથવા ટ્રસ્ટમાં મુકી શકે છે. આ નિર્ણય એક ક્રિપ્ટો રોકાણકારની અરજી પર સંભળાવવામાં આવ્યો હતો.

એક રોકાણકારનું એક્સઆરપી હોલ્ડિંગ્સ વજીરએક્સ પ્લેટફોર્મ પર સાયબર અટેક બાદ ફ્રીઝ કરવામાં આવ્યું હતું, તેના લીધે રોકાણકારે નુકસાનની ભરપાઈ માટે કોર્ટમાં અરજી કરી હતી. જેના પર સુનાવણી કરતાં મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસે ક્રિપ્ટો કરન્સીને સંપત્તિ તરીકે માન્યતા આપી છે.



અરજદારે જાન્યુઆરી, ૨૦૨૪માં વજીરએક્સ પર રૂ. ૧,૯૮,૫૧૬ના રોકાણ પર ૩૫૩૨.૩૦ એક્સઆરપી કોઈન ખરીદ્યા હતા. જુલાઈ, ૨૦૨૪માં પ્લેટફોર્મ પર સાયબર અટેક થયો, જેમાં ઈથેરિયમ અને ઈઆરસી-૨૦ની ચોરી થઈ હતી. વજીરએક્સને તેમાં આશરે ૨૩૦ મિલિયન ડોલરનું નુકસાન થયુ હોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ તમામ યુઝર એકાઉન્ટ ફ્રિઝ કરવામાં આવ્યા હતા.

જેથી અરજદાર પોતાના એકસઆરપી કોઈનમાં કોઈ વ્યવહાર કરી શક્યો નહીં. તેણે પોતાના નુકસાનના વળતરની અપીલ કરતાં દલીલ કરી હતી કે, મારા એક્સઆરપી કોઈન ચોરી થયેલા ટોકન કરતાં અલગ હોવા છતાં વજીરએક્સે તેને ટ્રસ્ટ કસ્ટોડિયન સ્વરૂપે પોતાની પાસે સંભાળી રાખ્યા હતાં. કંપનીએ મારા કોઈનનો ઉપયોગ કરવા દીધો નથી.

# ઓખા અને કલ્યાણપુર ખાતે પેરા લિગલ વોલેન્ટીયર તરીકે જોડાવાની તક

દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ કાનૂની જાગૃતિના કાર્યક્રમ તથા વિવિધ ટાસ્ક બેઈઝ એકટીવીટીસ પેરા લીગલ વોલેન્ટીયર્સ મારફતે કરવામાં આવતી હોય છે. જિલ્લાના કલ્યાણપુર અને ઓખામાં કાનૂની જાગૃતિનો વ્યાપ વધે તે માટે ઉત્સાહિત અને સક્ષમ ઉમેદવારો પેરા લીગલ વોલેન્ટીયર્સ તરીકે જોડાવા માટે જરૂરી ફોર્મ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ, કલ્યાણપુર અને ઓખામાંથી મેળવીને તા. ૩૦ ઓક્ટોબર સુધીમાં ભરીને આ કચેરીને જમા કરાવવા એક યાદીમાં જણાવાયું છે. આ માટે ઉમેદવારનો ન્યુનતમ અભ્યાસ ધોરણ- ૧૦ પાસ હોવો જરૂરી છે. પી.એલ.વી.ને તેમની કામગીરી પ્રમાણે નિયમોનુસાર માનદ વેતન સિવાય અન્ય કોઈ રકમ ચુકવવામાં આવશે નહી. જેમાં ફ્રન્ટ ઓફિસમાં પી.એલ.વી. દ્વારા ૮ કલાકની ધનીષ્ઠ લીગલ અવેરનેશની કાર્યવાહીઓ કરવા માટે રૂ. ૭૫૦ ચુકવવામાં આવશે.

# કમોસમી વરસાદથી મગફળી-કપાસના પાકને ભારે નુકશાન

જામનગર તાલુકાના ફલ્લા તથા નજીકના ગામોમાં કમોસમી વરસાદથી મગફળી, કપાસના પાકને ભારે નુકશાન થયું છે. ફલ્લા વિસ્તારમા સોમવારે તથા મંગળવારે પણ ભારે કમોસમી વરસાદ વરસતાં ખેતરમાં ઉપાડેલી મગફળીમાં પથારા, ઢગલા તથા વગર તૈયાર થયેલા માલને ભારે નુકશાન થયું છે. આ કમસોમી વરસાદથી ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ભારે નુકશાની સહન કરવા પડી છે.

# વિજ શોકથી દંપતિ સહિત ત્રણના મોત



કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવરીયા ગામમાં વીજ કરંટ લાગવાથી દંપતિ સહિત ત્રણ લોકોના મૃત્યુ નિપજ્યા હતાં. આ કરૂણાંતીકાથી ગામમાં શોકનો માહોલ છવાયો હતો. પોલીસ દ્વારા મૃતદેહોને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવરીયા ગામે રવજીભાઇ જેશાભાઇ રોલાના વાળા મકાનમાં તેઓ તેમના પત્ની તથા અન્ય શ્રમીક સાથે કમોસમી વરસાદના પગલે મગફળીના ભુસાને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરી રહ્યા હતાં ત્યારે મકાનના વાડામાં મગફળીનો ભુસો ભરવાનું કામ કરતા હોય ત્યારે બપોરના સમયે લોખંડના પતરાના માડવામાં વીજ વાયર તુટીને પડતા રવજીભાઇ જેશાભાઇ રોલા (ઉ.વ.૬૫), સવીતા રવજીભાઇ રોલા (ઉ.વ.૬૦) નામના દંપતિ તથા બુધ્ધાભાઇ ધીરૂભાઇ વાજેલીયા નામના ૨૨ વર્ષના યુવાનને જોરદાર વીજ કરંટ લાગતા ત્રણેયનું ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવને પગલે આજુબાજુના લોકો દોડી ગયા હતાં. આ ઘટનાની મનીષભાઇ રવજીભાઇ રોલા દ્વારા પોલીસને જાણ કરતા કાલાવડના પીએસઆઇ આર.બી. ઠાકોર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દંપતિ સહિત ત્રણ શ્રમીકોના મૃત્યુથી ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# ઘર પાસે પાર્ક કરેલી રિક્ષામાંથી અઢી લાખની રોકડની ચોરી

ધ્રોલ ગામમાં સ્વામી નારાયણ પાર્કમાં રહેતાં અને રિક્ષા ચલાવતા યુવાનએ તેના ઘર પાસે પાર્ક કરેલી સીએનજી રિક્ષામાંથી રૂપિયા અઢી લાખની રોકડ રકમની ચોરીના બનાવમાં પોલીસે તપાસ આરંભી હતી.

આ ચોરીના બનાવની વિગત મુજબ મોરબી જિલ્લાના રામપર પાડાબેકર ગામના વતની અને હાલ ધ્રોલ ગામમાં સ્વામી નારાયણ પાર્ક સોસાયટીમાં મકાન નંબર ૯માં રહેતાં આરિફભાઇ અનવરભાઇ સોઢા (ઉ.વ.૨૮) નામનો યુવાન તેની જીજે૧૦-ટીઝેડ-૪૧૩૫ નંબરની સીએનજી રિક્ષા ચલાવતો હતો. આ રિક્ષા આરિફ તથા તેનો સાળો કાસમભાઇ બન્ને વારાફરતી ચલાવતા હતાં. દરમ્યાન ગત્ તા. ૨૫ના રોજ રિક્ષા તેના ઘર પાસે પાર્ક કરી હતી. તે દરમ્યાન તેમાં રાખેલી રૂા. ૨.૫ લાખની રોકડ રકમ અજાણ્યો તસ્કર ચોરી કરી ગયો હતો. આ અંગેની જાણના આધારે હે.કો. આર. એ. કુબાવત તથા સ્ટાફે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ફોર વ્હીલ ચાલકે મોરકંડા ગામના પાટીયા પાસે બાઇકને ઠોકરે ચઢાવ્યું

મોરકંડા ગામના પાટીયા પાસે મોટરકાર ચાલકે બાઇકને હડફેટે લેતા પિતા-પુત્ર તથા બાઇકના સવાર અન્ય યુવાનને ફ્રેકચર સહિતની ઇજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી બાઇક ચાલક નાશી છુટતા આ અંગે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા પોલીસ દ્વારા ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અકસ્માતના બનાવની વિગત મુજબ જામનગર જિલ્લાના નવા નાગના ગામમાં રહેતા અને મજુરી કામ કરતા રાજેશભાઇ ગોરધનભાઇ રાઠોડ તેના પુત્ર તથા તેના મિત્ર સાથે જીજે૧૦ ડીકયુ ૬૪૧૦ નંબરનું મોટરસાઇકલ લઇને કામસર જઇ રહ્યા હતાં. આ દરમિયાન લાલપુર ચોકડીથી ઠેબા ચોકડી તરફ જતાં હાઇવે પર મોરકંડા ગામના પાટીયા પાસે પહોંચતા જીજે૨૫ એ ૨૧૩૭ નંબરના ફોર વ્હીલ ચાલકે પોતાનું વાહન બેફિકરાઇથી ચલાવી ફરિયાદીના મોટરસાઇકલને પાછળથી ઠોકર મારી હતી. આ અકસ્માતમાં ફરિયાદી રાજેશભાઇ તથા તેનો પુત્ર જય અને ફરિયાદીના મિત્ર હસમુખભાઇ નરશીભાઇ રાઠોડ બાઇક પરથી નીચે પટકાયા હતાં. અને ત્રણેયને શરીરના ભાગે ફ્રેકચર સહિતની ઇજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી બાઇક ચાલક નાશી ગયો હતો.

આ અંગે બાઇક ચાલક રાજેશભાઇ દ્વારા પંચ બી પોલીસ સ્ટેશનમાં જીજે૨૫ એ ૨૧૩૭ નંબરના ફોર વ્હીલ ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઇ છે. આ અંગે એએસઆઇ ડી.ડી. ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.

# મોટરકારે બાઇકને ઠોકર મારતા અકસ્માત સર્જાયો

ઝાખર પાટીયા જામનગર ખંભાળિયા હાઇવે પર મોટરકાર ચાલકે બાઇકને પાછળથી ઠોકર મારતા બાઇક ચાલક તથા પાછળ બેસેલ બાળકને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે મોટરકાર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

અકસ્માતના બનાવની વિગત મુજબ લાલપુર તાલુકાના નાના લખીયામાં રહેતા ગોપાલભાઇ વિનેશપરી ગોસ્વામી તા.૨૬ના રોજ સવારના સમયે પોતાનું જીજે૧૦ સીએ ૯૯૧૦ નંબરનું મોટરસાઇકલ લઇને જામનગર ખંભાળિયા હાઇવે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતાં. આ દરમિયાન ઝાખર પાટીયા પાસે પહોંચતા જીજે૦૩ કેપી ૬૮૧૦ નંબરના એકસયુવી કાર ચાલકે પોતાની મોટરકાર પુરપાટ ઝડપે બેફિકરાઇ અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીની મોટરસાઇકલને ઠોકર મારી હતી. આ અકસ્માતમાં બાઇક ચાલક ફરિયાદી ગોપાલભાઇને માથા સહિતના શરીરના ભાગોમાં ફ્રેકચર સહિતની ઇજાઓ પહોંચી હતી. તેમજ તેમની સાથે તેમના ગામના શકિતસિંહ જાડેજાનો પુત્ર લક્ષરાજસિંહ નામનો ૧૦ વર્ષનો બાળક પણ પાછળ બેઠો હોય તેને પણ આ અકસ્માતમાં માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઇજાઓ પહોંચતા બન્નેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે ગોપાલભાઇ દ્વારા જીજે૦૩ કેપી ૬૮૧૦ નંબરની મોટરકાર ચાલક વિરૂધ્ધ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મેઘપર પડાણાના હે.કો. આર.એન. થાનકી દ્વારા આ અંગે તપાસ ચલાવાઇ રહી છે.

# માતાને પછાડી દીધાનો ખાર રાખી ભત્રીજા અને સગાભાઇ પર હુમલો કર્યો

જામનગર શહેરના કિશાન ચોક વિસ્તારમાં રહેતાં વૃધ્ધાને પછાડી દીધા હોવાની ખાર રાખી ત્રણ શખ્સોએ સગાભાઇ અને તેના પુત્ર ઉપર ધોકા વડે હુમલો કરી ઢીકાપાટુનો માર મારી પતાવી દેવાની ધમકી આપ્યાના બનાવમાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ જામનગર શહેરના કિશાન ચોક વિસ્તારમાં કબિર આશ્રમ પાસેના હીરાસરવાસમાં રહેતાં દિનેશ ગિરધર માતંગ નામના યુવકના દાદી પડી ગયા હતાં. આ બાબતે દિનેશના કાકા જયેશ ખેરાજ માતંગ, વિજય જયેશ માતંગ, ભાવેશ જયેશ માતંગ (રહે. ક્રિષ્ના પાર્ક સોસાયટી, ન્યૂ પટેલ કોલોની) નામના ત્રણ શખ્સોએ એકસંપ કરી દીવાળીના દિવસે સવારના સમયે દિનેશના ઘર પાસે આવી દિનેશના ભાઇ કલ્પેશને બહાર બોલાવ્યો હતો. ત્યારબાદ ત્રણેય શખ્સોએ, ''તમે દાદીમાને પછાડી દીધાં છે.'' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો કાઢી હતી. તે દરમ્યાન દિનેશ તથા તેના પિતા ગિરધરભાઇ, જયેશ સહિતનાઓને સમજાવવા જતાં ઉશ્કેરાયેલા પિતા અને બે પુત્રોએ લાકડાના ધોકા વડે કલ્પેશ તથા ગિરધરભાઇ હુમલો કરી ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. દિનેશ ઉપર પણ હુમલો કરી ઇજા પહોંચાડી હતી. આમ, ત્રણ શખ્સોએ પિતા અને બે પુત્રો ઉપર હુમલો કરી ઇજા પહોંચાડી બધાને મારવાની ધમકી આપી હતી.

હુમલાના બનાવ બાદ ઇજાગ્રસ્ત પિતા અને બે પુત્રોને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બનાવની જાણના આધારે હે.કો. એમ. આર. પરમાર તથા સ્ટાફે ત્રણ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે જામનગરમાં રન ફોર યુનિટી




ભારતમાં દર વર્ષે તા.૩૧ ઓકટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિતે ઉજવવામાં આવે છે. આ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ભાગરૂપે જામનગર જિલ્લા વહીવટીતંત્ર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે રન ફોર યુનિટી-૨૦૨૫ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના સુચારુ આયોજનના ભાગરૂપે જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં કલેકટરએ જામનગર વાસીઓ ઉત્સાહપૂર્વક રન ફોર યુનિટી કાર્યક્રમમાં ભાગ લે તે પ્રકારે તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા લગત અધિકારીઓને સૂચનો આપ્યા હતા. આ દોડ રણમલ તળાવ ગેઇટ નં.૧ના પાર્કિંગથી, શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુથી, મયુર મેડિકલ થઈ રણજીતનગર પટેલ સમાજ ખાતે પૂર્ણ થશે. ત્યારબાદ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમની પુર્ણાહુતીના ભાગરૂપે સામુહિક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, અધિકારીઓ, એનસીસી કેડેટ્સ, હોમગાર્ડસ, શાળાના વિદ્યાર્થીઓ, જામનગર વાસીઓ વગેરે સહભાગી થશે.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો. રવીમોહન સૈની, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર ઝાલા તથા લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાણવડમાં ખેડૂતોનો પાક માવઠું થતાં પલળી ગયો

હવામાન ખાતાની આગાહી મુજબ ભાણવડ પંથકમાં પણ કમોસમી વરસાદ પડતા ખેડૂતોને આર્થિક રીતે માર પડયો છે, ખેતરોમાં તૈયાર થયેલો પાક પલળી ગયો છે અને સડી જવાની ભીતી સેવાઇ છે. તો બીજી તરફ પશુઓ માટેનો સુકો ઘાસચારો પણ પલળી ગયો છે, આમ કિસાનોમાં ઘેરી નિરાશા છવાઇ ગઇ છે.

ભાણવડ પંથકમાં છેલ્લા ત્રણેક દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ધુપછાવના મિશ્રિત વાતાવરણ વચ્ચે સૂરજદાદા ઢંકાયેલા રહે છે દરમિયાનમાં સોમવારે રાત્રે વાતાવરણમાં પલટો આવ્યો હતો તેમજ ભર ચોમાસા જેવો માહોલ ખડો થયો હતો.

શરૂઆતમાં ધીમીધારે બાદ વરસાદે સટાસટી બોલાવી દેતાં ચારે તરફ પાણી-પાણી થઇ ગયુ હતું. ખાસ કરી કમોસમી વરસાદ પડવાથી ખેડૂતોને આર્થિક રીતે માર પડયો છે.

ખેતરોમાં મગફળી સહિત કપાસનો પાક પલળી ગયો છે, અને સડી જવાની ભીતી ઉભી થઇ છે, દવા ખાતર અને મજુરી સહિતનો ખર્ચ એળે ગયો છે, સારો પાક મળવાની આશા ઉપર કમોસમી વરસાદે પાણી ફેરવી દીધું છે. કિસાનોની હાલત દયનીય બની છે, હજુ પણ ભાણવડ પંથકમાં વરસાદી માહોલ રહ્યો છે.



# હાપા જલારામ મંદિરે ૭×૭ ફુટનો રોટલો...



જામનગરમાં જલારામ સેવા ટ્રસ્ટ અને સુવર્ણમૂર્તિ પરિવાર દ્વારા જલારામ બાપાની ૨૨૬મી જલારામ જયંતિ નિમિત્તે ભક્તિભાવપૂર્વક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૭ બાય ૭ ફૂટનો વિશાળ રોટલો તૈયાર કરી ભગવાન જલારામ બાપાને અર્પણ કરવામાં આવ્યો હતો. આ અનોખી પરંપરા વર્ષ ૨૦૦૫ની ૧૫ જાન્યુઆરીએ જામનગરમાં શરૂ થઈ હતી, જેને ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. ત્યારથી દર વર્ષે અને વર્ષમાં બે વખત આ વિશાળ રોટલો તૈયાર કરવામાં આવે છે.આ રોટલો બનાવવા માટે કુલ ૨૭ કિલો લોટ, ૧.૫ કિલો મીઠું, ૫૦૦ ગ્રામ આદુ અને મસાલા, ત્રણ ડોલ પાણી તથા ત્રણ સ્વયંસેવકોની મહેનત લેવામાં આવી હતી. રોટલો તૈયાર થવામાં આશરે એક કલાક અને ત્રીસ મિનિટનો સમય લાગ્યો હતો, અને તેનો કુલ વજન ૬૪ કિલો નોંધાયો હતો. આ વિશાળ રોટલો ભગવાન જલારામ બાપાને ભોગરૂપે અર્પણ કર્યા બાદ ભક્તોને પ્રસાદરૂપે વહેંચવામાં આવ્યો હતો.આ વિશાળ રોટલાના દર્શન માટે જામનગરના હાપા જલારામ મંદિરે તથા રાજકોટ ખાતે પણ બે અલગ જગ્યાએ ભક્તો માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો બંને સ્થળે રોટલાના દર્શન કરી શકશે તથા બાદમાં મહાપ્રસાદનો લાભ લઈ શકશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી જય જલારામના ગુંજતા નાદ વચ્ચે ભક્તિભાવપૂર્વક દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. જલારામ સેવા ટ્રસ્ટ અને સુવર્ણમૂર્તિ પરિવાર દ્વારા આ અનોખી પરંપરાને સતત જીવંત રાખી ભક્તિભાવ અને સેવાભાવનું સુંદર ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

## માવઠાથી કારણે ખેડૂતોના તૈયાર પાકને થયેલ નુકશાન અંગે રજૂઆત

હડિયાણા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલ રજૂઆતમાં જણાવ્યું છે કે જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના હડિયાણા ગામે તેમજ જોડિયા તાલુકાના તમામ ગામોમાં માવઠાથી ખેડૂતોના તૈયાર થયેલ પાકો મગફળી, કપાસ તથા અન્ય પાકોને નુકશાન થયું છે. આ માવઠાથી હડિયાણા ગામ તેમજ જોડિયા તાલુકામાં સરેરાશ ૩ ઇંચથી વધારે વરસાદ થયો છે. આથી તાત્કાલીક નુકશાની સર્વે કરી વળતર ચૂકવવા માંગણી કરાઇ છે.

# ઠંડી લાગતા ચાલુ બાઇક પરથી પટકાયેલા વૃદ્ધાનું મોત

## ગંભીર ઈજા પહોંચતા રાજકોટની સીવીલ હોસ્પિટલમાં મૃત્યુ

રાજકોટ તાલુકાના મુંજકા ગામમાં રહેતાં વૃદ્ધ દંપતિ બાઇક પર કાલાવડ તાલુકાના ખરેડી ગામ તરફ જતા હતા ત્યારે રસ્તામાં અચાનક ઠંડી લાગતાં બાઇક પરથી પટકાતા વૃદ્ધાનું ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું.

બનાવની વિગત મુજબ, રાજકોટ તાલુકાના મુંજકા ગામમાં રહેતાં હિરાભાઇ માવજીભાઇ મોલીયા (ઉ.વ.૬૫) નામના નિવૃત્ત વૃદ્ધ મંગળવારે સવારના સમયે તેના પત્ની દયાબેન સાથે બાઇક પર કાલાવડ તાલુકાના ખરેડી ગામ જતા હતાં ત્યારે ખરેડી નજીક પહોંચ્યા તે સમયે પાછળ બેસેલા દયાબેનને ઠંડી લાગતા તેમણે તેમના પતિને બાઇક ઉભુ રાખવાનું કહ્યું હતું પરંતુ, વૃદ્ધ બાઇક ઉભુ રાખે તે પહેલાં જ દયાબેન ચાલુ બાઈકે રોડ પર પડી ગયા હતાં. જેના કારણે શરીરે તથા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ વૃધ્ધાને સારવાર માટે રાજકોટની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં તેમનું સારવાર કારગત નિવડે તે પહેલાં મોત નિપજ્યાનું ફરજ પરના તબીબોએ જાહેર કર્યુ હતું. આ અંગે મૃતકના પતિ હિરાભાઈ દ્વારા જાણ કરાતા હેકો જી.આર. ચાવડા તથા સ્ટાફે હોસ્પિટલ પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડૂત વેપારીને ચાર શખ્સોએ માર મારી ધમકી આપી

કાલાવડના લક્ષ્મીપુરમાં વેપારી યુવાનના ખેતરે જવાનો રસ્તો બંધ કરી દેતા વેપારી આ બાબતે વાતચીત કરવા જતા બે મહિલા સહિત ચાર શખ્સોએ વેપારીને ગાળો કાઢી ઢીકાપાટુનો માર મારી ધમકી આપી હતી. સામાપક્ષે યુવાન અને તેની પત્નીને આઠ શખ્સોએ બોલાચાલી કરી ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવની વિગત મુજબ, કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામનો વતની અને હાલ રાજકોટમાં મવડી ૧૫૦ ફુટ રીંગરોડ પર રહેતા વેપારી ભુમેશભાઈ ભવાનભાઈ લુણાગરીયા નામના યુવાનની ખેતીની જમીન લક્ષ્મીપુરમાં આવેલી હતી અને તેના ખેતરે જવાનો રસ્તો બંધ કરી દીધો હોવાથી વેપારીએ ગોપાલ ડાયા ઝાપડા, રમાબેન લક્ષ્મણ ઝાપડા, રાહુલ લક્ષ્મણ ઝાપડા, ડિમ્પલબેન લક્ષ્મણ ઝાપડા નામના ચાર શખ્સોએ વેપારીએ ગાળો કાઢી ઢીકાપાટુનો માર મારી પતાવી દેવાની ધમકી આપી હતી.

જ્યારે સામાપક્ષે લક્ષ્મણ ઉકા ઝાપડા તથા તેનો પરિવાર ગામમાં આવેલા વાડે બેઠા હતાં ત્યારે ભુમેશ ભવાન લુણાગરીયા અને તેની પત્ની, ભવાન ચના લુણાગરીયા અને તેની પત્ની, બાબુ ચના લુણાગરીયા અને તેની પતિ, અશ્વિન ચના લુણાગરીયા અને તેની પત્ની સહિતના આઠ શખ્સોએ લક્ષ્મણભાઈની પત્ની સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરી ધક્કો માર્યો હતો અને ગાળો કાઢી લાકડી બતાવી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગેની જાણના આધારે હેકો એ.આર. પરમાર તથા સ્ટાફે ભુમેશ લુણાગરીયાની બે મહિલા સહિત ચાર શખ્સો સામે અને સામાપક્ષે લક્ષ્મણ ઝાપડાની ચાર દંપતીઓ વિરૂધ્ધ સામસામી ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## જામજોધપુરના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદથી ખેડૂતો પરેશાન સરકાર તાત્કાલીક સર્વે કરી સહાય આપવાની માંગ

જામજોધપુર તાલુકાના મોટી ગોપ, શેઠવડાળા, સતાપર, ગીંગણી, જામજોધપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અતિ કમોસમી વરસાદ થતાં ખેતીના પાકોને ભારે નુકશાન સહન કરવું પડ્યુ છે ખેડૂતો દ્વારા બિયારણ જંતુનાશક દવા ખેતમજુરીના રૂપિયા ચુકવી દેવાદાર થઇ ગયો હોઇ એવામાં માવઠુ પડતા ખેડૂતની પરિસ્થિતિ વિષમ થવા પામી છે જેને લઇ સરકાર દ્વારા આ અંગે સર્વે કરી ખેડૂતોના પાકને થયેલ નુકશાનીનું વળતર તાત્કાલીક ચૂકવવા તેમજ ખેડૂતોના દેવા માફ કરવા તેમજ યોગ્ય કૃષિ પેકેજ જાહેર કરવા જામજોધપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગોવિંદભાઇ ચાવડાએ માંગ કરી છે.

# કાલાવડના લક્ષ્મીપુરમાં ખેડૂતની પુત્રી અને માતા ઉપર છ શખ્સોનો હુમલો

કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં આવેલા ખેડૂતના વાડામાં આવેલા ગોબર પ્લાન્ટમાં જેસીબી ચલાવતા બે મહિલા સહિતના છ શખ્સોએ યુવાનને તેની માતા તથા પુત્રીને ફડાકા ઝીંકી ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગેની વિગત મુજબ, કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર ગામમાં રહેતાં અને ખેતી કરતા હેમતભાઈ નાગજીભાઈ વેકરીયા નામના ખેતરના વાડામાં આવેલા ગોબર પ્લાન્ટમાં જેસીબી ચલાવતા હતાં જેથી હેમતભાઈ અને તેની માતા કેશરબેન તથા પુત્રી ધ્રુવીબેન સ્થળ પર દોડી ગયા હતાં જયાં ગોપાલ ડાયા ઝાપડા, રમાબેન લક્ષ્મણ ઝાપડા, રાહુલ લક્ષ્મણ ઝાપડા, ડિમ્પલબેન લક્ષ્મણ ઝાપડા, લક્ષ્મણ ઉકા ઝાપડા અને ડાયા ઉકા ઝાપડા નામના છ શખ્સોએ યુવાનની પુત્રીને બે-ત્રણ ફડાકા ઝીંકી દીધા હતાં તેમજ યુવાનની માતાને હાથ પકડીને ધક્કો માર્યો હતો તેમજ જેમફાવે તેમ ગાળો કાઢી લાકડીઓ બતાવી પરિવારને પતાવી દેવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે ખેડૂત દ્વારા જાણ કરાતા હેકો એ.એમ. પરમાર તથા સ્ટાફે છ શખ્સો વિરૂધ્ધ હુમલો અને ધમકીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

PRINTER/PUBLISHER/OWNED BY PARMAR JITENDRA* PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST. JAMNAGAR, GUJARAT.* PUBLISHED AT 151 BUS STAND NEAR P.H.C SOCIETY SAMANA, Tal :- JAMJODHPUR, DISTRICT :- JAMNAGAR-360520. EDITOR :- PARMAR JITENDRA* Mo.No : 972676 1111